॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# જીવનમંત્રો

## પુષ્પ -૧

લેખક અને સંપાદક
શાસ્ત્રી સૂર્યપ્રકાશ આચાર્ય

-: પ્રકાશક :-
સદ્‌ગુરુ મહંત સ્વામી ધર્મનંદનદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ કચ્છ ૩૭૦ ૦૦૧

કિંમત રૂ. ૧૦ ॥ૐ॥ સન.૨૦૬૮

# વિજ્ઞપ્તિ

મહારાજનું સામર્થ્ય હટાવી કોઈ વ્યક્તિ પોતાનું જોર બતાવે તો એ અસુરનું લક્ષણ છે. એ અસુર ભલે સો હોય અને બધા તરવરતા યુવાન હોય તો પણ પ્રભાતનો ઉદય કરી શકશે નહીં. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું સામાર્થ્ય રાખી જે કોઈ વ્યક્તિ આંતરીક સુખ કે બાહ્ય સુખ ભોગવવા ઈચ્છા કરશે, તો તેને તે મળશે અને તેમાં પણ ભૌતિકવાદને ગૌણ કરી ભગવદીયવાદ અને ભક્તિવાદને પ્રધાનતા દેશે તો વ્યક્તિગત ચેતના અને ભગવદીય ચેતના સહજે સંપાદન થશે.

ભગવાનને સાથે રાખી જે કોઈ યુવાન જે કોઈ સદ્ કાર્ય કરે છે, ભગવાન તેને દરેક કાર્યમાં સફળતા આપે છે. આ મંત્રો જીવનમાં અનોખી પ્રેરણા આપનાર મંત્રો છે. આ મંત્રોમાં ભગવાનનું જ પ્રધાન પણુ કહેલું છે. આ જીવનમંત્રો જે કોઈ વૃદ્ધ કે યુવાન વાંચશે એને જરૂર જીવનમાં બળ મળશે અને મહારાજને વિશે ભક્તિ વૃદ્ધી પામશે. ૨૮-૩૨

મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

સ્વામિનારાયણ મંદિર - ભુજ.

# લેખકનું નિવેદન

મારા શબ્દો પ્રાણ છે કે વ્યક્તિને પ્રેરણા આપે એવા છે, એમ કહેવાય નહીં, પણ એટલું મને કહેવાનું મન થાય કે પ્રેરક શબ્દો જે જે સાધકના કે સ્થિતપ્રજ્ઞના હોય એ અવશ્ય સૌને અનોખું આંતરીક અને બાહ્ય બળ પુરુ પાડે છે. આ પ્રેરક મંત્રોને જીવન મંત્રો કહેલા છે. એનું કારણ એ છે કે આ મંત્રો જીવનને અનોખું બળ આપનારા છે અને સૂર્ય જેવું જીવન આપી સૌને તેજસ્વી બનાવે છે અને નિર્ભયતા આપે છે. જીવનના પ્રેરક મંત્રો દરેક વાચક વર્ગની શક્તિ અને સામાર્થીને વધારે છે અને જીવનનું અંધારું હટાવે છે એટલે મંત્રો કહેલા છે.

યુવાનને પ્રેરણા સાધક આપે અને કડકળતી ઠંડીમાં સૌને આશ્રય પણ પવિત્ર સૂર્ય જેવો સાધક જ આપે. ભયને હટાવાનું બળ સાચા સાધકો આપે અને જીવનની નિર્બળતાને નાબુદ કરવાનું સામાર્થ્ય પવિત્ર જીવન મંત્રો જ આપે.

પ્રેમાનંદ સ્વામીના શબ્દો છે કે‘ જીવન જોયા લાગ છે રે’ જીવન એટલે ભગવાને આપેલી એક અનોપમ સોગાદ અને અને જીવન એટલે સહજાનંદ સ્વામી. સહજાનંદ સ્વામીના મંત્રો એટલે તો વાત જ ન્યારી. એતો જણ જણના હૈયામાં પ્રકાશપૂંજ પાથરી નિર્બળતાનાને નેસ્તનાબુદ કરી, જીવનની અણમોલ સિદ્ધી અપાવી દે. જીવનમાંથી કાયરતાનો અંચડો હટાવી સહનશીલતાનો અંચડો આપી યુવાનને પરમ સમર્થ યુવાન બનાવી જીવનને ધન્ય બનાવી દે.પરમાત્માનું બળ પોતાના હૈયામાં વૃદ્ધી પામે, સાહસ અને આંતર બળ સદાય મળતું રહે એટલા માટે આ જીવન સહજાનંદ સ્વામીના જ સર્વેને અનોખી પ્રેરણા આપે એવા દિવ્ય મંત્રો આ નાની પુસ્તીકામાં છે.

પ્રકાશક અને દિવ્ય પ્રેરણા આપનાર શબ્દો જ મંત્રો કહેવાય છે. આ મંત્રો દરેકને જીવનમાં યુવાની આપે અને સૂર્યના જેવું તેજ આપે અને પ્રભુવશ થઈ ભગવાનની મર્યાદાનું પાલન કરવાની હિમત આપે એવા છે.

આ મંત્રો જીવનની મૂળભુત શક્તિને ચેતનવંતી કરે એવા છે કદાચ આ મંત્રો ડહાપણ ન વધારે, પણ મૂર્ખામી સાહાસ તો નહીં જ કરાવે. ઉંદર મદિરાનું પાન કરી, પછી બીલાડીને મારવાનું ડહાપણ કરે એવી મૂર્ખામી કદી પાંગરવા જ નહીં દે.

આ મંત્રોનું આલેખન કરતાં કે વાંચતાં કાંઈ ખામી રહી ગઈ હોય અથવા સારનું સ્વરૂપ યથાવત વ્યક્ત કરવા જતાં કાંઈ ખામી રહી ગઈ હોય તો સાર ગ્રહણ કરવા અને અસાર ત્યાગી દેવા મારું નમ્ર નિવેદન.

સ.શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશ આચાર્ય

-સ્વામિનારાયણ મંદિર - ભુજ

# ॥ જીવન મંત્રો ॥

૧ ગરીબ ગરીબને વ્હાલ આપી શકે છે. જે ગરીબને પ્રેમ કરે એજ ગરીબ હોવા છતાં ઈશ્વરનો અંશ છે.

૨ સંત અને માણસમાં બહુ ફેર છે. સંત બીજા માટે નરકમાં જવા તૈયાર હોય અને માણસ સ્વાર્થ માટે બીજાને નરકમાં ધકેલવા થનગનતો હોય છે.

૩ કાયદામાં સુધારો કરવો સરળ છે પણ જીવનમાં સુધારો કરવો કઠણ છે. રીત રસમમાં સુધારા કરવા કરતાં, પ્રગતિ કરવી શ્રેષ્ઠ છે.

૪ જીવનમાં પ્રથમ સુવિચારો આવવા જોઈએ. સુવિચારોના પ્રભાવથી સહેજે સહેજે મહાન કાર્યો કરવાની પ્રેરણા તમારા હૈયામાં થનગનાટ મચાવે છે. સુવિચારોના અભાવમાં મહાન પુરુષો કાર્ય બતાવે એમાં પરમ કલ્યાણ છે.

૫ દંભનો આશ્રય કરનારા કદી કોઈનો ઉધ્ધાર કરી શકે નહીં. દંભીનો સહવાસ અતિશય ત્યાજ્ય છે. જેટલા દંભથી દૂર એટલા સારા.

૬ જેનામાં નિર્ભયતા હોય અને અદમ્ય સાહસ હોય એવા જ યુવાનો ધારેલા લક્ષ્યને આંબી શકે છે.

૭ જેના જીવનમાં જુસ્સો અને જોમ નથી એ યુવાન નથી પણ અધવચ્ચે ઘાયલ થયેલો વૃધ્ધ છે.

૮ નરકની બીક દેખાડી ભયભીત વ્યક્તિને કે અજ્ઞાની વ્યક્તિને ભુંડા માર્ગે જતાં અટકાવી શકાય પણ એ ખરેખર સારો માર્ગ નથી કારણ કે વ્યક્તિને ભય દેખાડવો એજ મોટું પાપ છે.

૯ વ્યક્તિને નિર્ભય બનાવવા જેવું બીજું કોઈ પુણ્ય નથી અને ભયમાં ડૂબાડી રાખવા જેવું બીજું પાપ નથી.

૧૦ પ્રેરણાના મંત્રોનો પ્રચાર અને પ્રસાર કરવો એજ ભગવાનની સેવા છે કારણ કે આ કાર્યથી જ યુવાન ઈશ્વરના બળને પામી શકે છે. ઈશ્વરના સાન્નિધ્યને મેળવી શકે છે.

૧૧ દુઃખ કે દારિદ્રયના દાવાનળમાંથી ઉગરવું હોય તો સજાગ થવું પડશે સદા જાગતા રહેવું પડશે. સૂતા રહ્યા તો બળી ગયા!

૧૨ ઘાયલને મદદ કરવી એ મોટું પુણ્ય છે અને અંધને આંખો આપવી એ ઉત્તમ પુણ્ય છે અને યુવાનોના કે કોઈ પણ અજ્ઞાનીના દિલમાં જ્ઞાનદીપ પ્રગટાવવો, એનાથી શ્રેષ્ઠતમ કોઈ કાર્ય નથી.

૧૩ પરાવલંબી બનવું નહીં અને કોઈને પરાવલંબી બનવા દેવો નહીં કારણ કે પરાવલંબી કે પરાશ્રયી થવું એનાથી બીજું કોઈ દુઃખ નથી. ભૂખ્યા રહેવું સારું છે પણ પરાધીન રહી ભોગ માણવા ખરાબ છે.

૧૪ તેજસ્વી યુવાનોના દિલમાં જ્ઞાનદીપ પ્રગટાવવામાં અતિલાભ છે કારણ કે એનાથી થોડા પ્રયત્ને ઘણું કાર્ય સહજમાં થશે.

૧૫ વાસના કે ઈચ્છા જો તમને ભિખારી બનાવી શકે તો તમે પરમ પુરુષ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણના સુપાત્ર સંતાન નથી. જેને વાસના ભિખારી બનાવે એ ભિખારીના સંતાન હોય પણ સંતના કે ઈશ્વરના નહીં.

૧૬ ગધેડાં હજાર ભેગાં થાય તો પણ ગામનું શાસન કરી શકે નહીં અને નીતિજ્ઞ, કાર્ય સક્ષમ અને બુદ્ધિમાન પાંચ ભેગા થાય તો દેશ આખાને ઉત્તુંગ શીખરો સર કરાવી દે છે.

૧૭ જ્ઞાનદીપની સૌને આવશ્યકતા છે. ગરીબ હોય કે તવંગર. અમને એમ જણાય છે કે ગરીબ કરતાં તવંગરને વધારે જ્ઞાનદીપની આવશ્યકતા છે.

૧૮ સ્વાર્થ હટે તો તકલીફ મટે અને સ્વાર્થ વધે તો વિપત્તિ વધે, એમ જ કહો કે સ્વાર્થે ઉપરા ઉપરી ઉપાધિ ખાબકે છે. જો નિઃસ્વાર્થની વેલ પાંગરશે તો મુક્તિનો માર્ગ સરળ થશે.

૧૯ તમને જ્યારે પવિત્ર સાધકનો સહારો મળ્યો હોય, તમને સ્વામિનારાયણ ભગવાનમાં દૃઢ આસ્થા બંધાણી હોય તો તમને કદી તમારું જીવન વ્યર્થ નહીં લાગે. કદાચ લાગે તો હું એમ માનીશ કે ખરેખર તમને સહારો કે આશ્રય નથી મળ્યો.

૨૦ તમારા હૃદયમાં દૃઢ ધૈર્ય હોય, વર્તનમાં વાત્સલ્ય હોય અને વાણી વિચારમાં આત્મીયતા હોય તો કોઈ પણ કઠિન કાર્ય અતિ સરળ થઈ જાય છે. તમારે કાર્ય કરવા જાતે ઊભા થવું પડે, જાગૃત રહેવું પડે અને પરિશ્રમ કરવો પડે.

૨૧ જે યુવાન કોઈ પણ એક કાર્યમાં સફળ થયો તો એ યુવાન કોઈ પણ કાર્યમાં સફળ થાય છે. પ્રથમ પ્રારંભેલ કાર્ય જ ઉપાસનાની દૃઢતા કરાવી દે છે. એક વિચારમાં કે કોઈ એક કાર્યમાં ધૈર્ય પૂર્વક આગળ વધવું એજ ખરી ઉપાસના છે. આ માર્ગે આવી રીતે ચાલનારા અવશ્ય જીવનના સૂર્યોદયને માણી શકે છે.

૨૨ ભાવથી ભીંજાઈ જનારા કોઈ ભોગ આપી શકે નહીં. ત્યાગ સંપાદન કરવા કે બલિદાની વહોરવા લાગણી અને ભાવનાને પણ તજવી પડે છે.

૨૩ નિર્બળતાને કદી નમ્રતામાં ખપાવવાની ભૂલ કરવી નહીં અને લાગણીને કદી હેતમાં ખપાવવા બુદ્ધિ ખર્ચવી નહીં.

૨૪ કેટલાક માણસો પોતાની કાયરતા છુપાવવા સહનશીલતાનો દંભ આદરે છે અને એનાથી પરિવાર, સમાજ અને રાષ્ટ્ર બરબાદ થાય છે, એનું ભાન એમને હોતું નથી.

૨૫ તમે જરૂરીયાતમંદને સહાયતા ન આપી શકો તો કાંઈ હરકત નહીં પણ એની સેવા કરવામાં કે મદદરૂપ થવામાં આડખીલી ઊભી કદી કરજો નહીં. તો તમારી એજ મોટી સેવા ગણાશે.

૨૬ હર કોઈ યુવાન પોતાની જિંદગીમાં એટલું કરી શકે કે પોતાની જિંદગી બીજાના હિતમાં હોમી શકનારને કદી ભૂલે નહીં. એમના બલિદાનને વાગોળવાનું કદી ચૂકે નહીં કારણ કે જીંદગી બીજાને માટે હોમનાર અતિશય મહાન આત્મા છે.

૨૭ જો તમારી સંભાળ બીજો વારંવાર લેતો હોય તો તમારે એની સંભાળ લેવી જોઈએ. તમે બીજાની સેવા લેતા હો તો તમારે બીજાની વધારે સેવા કરવી જોઈએ.

૨૮ હે યુવાનો! તમને આંતરિક સુખ અને બાહ્ય સુખ જોઈતું હોય તો પ્રથમ ભૌતિકવાદને અપ્રધાન કરી ઈશ્વરીયવાદ કે પરમાત્માનો ભક્તિવાદ પ્રધાન કરી અદ્‌ભુત આત્મબળ અને ઈશ્વરીય ચેતના સંપાદન કરવી જોઈએ.

૨૯ સારા કામમાં સો વિઘન. તમે જ્યારે કોઈ પણ વિકાસશીલ કાર્યનો પ્રારંભ કરશો કે તરત કલ્પનાતીત વિઘ્નો આવી તમારા પર ઘેરો ઘાલશે.

૩૦ સ્વાર્થ વશ થઈ મર્યાદાનો ભંગ કરી વર્તનારો યુવાન કે વડીલ સમાજને કશુ આપી શકે નહીં.

૩૧ મુષક મદિરાનું પાન કરી માર્જારને મારવાનું ડહાપણ કરે તો સાહસ નહીં પણ મૂર્ખામી કહેવાય.

૩૨ પ્રભુનું સામર્થ્ય હટાવી પોતાનું જોર બતાવે એ ભલે તરવરતા સો યુવાનીયા હોય પણ સૂર્ય વિના પ્રભાતનો ઉદય થશે નહીં.

૩૩ શ્રીહરિના શરણ વિના નર નિર્બળ છે, ભલે એ રાજા હોય કે સમ્રાટ હોય. જો પ્રભુનું શરણ લીધું તો યુવાન શ્રીહરિનું સામર્થ્ય લઈ ધારેલા લક્ષ્યને જરૂર આંબી શકે છે.

૩૪ પોતાની હૃદય ઊર્મિઓથી યુવાનમાં સંસ્કારનું સિંચન કરનાર માનવ નહીં પણ મહા માનવ છે.

૩૫ જેનું ચરિત્ર સર્વમાટે ગ્રાહ્ય હોય અને સમરસતાથી ભરેલું હોય એજ માનવ મહા માનવ છે.

૩૬ પોતાના વિચારને ચરિતાર્થ કરવા જે યુવાન કદી પાછો પગ ન ભરે એજ મનનો માલિક બની શકે છે.

૩૭ જેના હૈયામાં જનની જેવું વાત્સલ્ય ઉભરાતું હોય અને શત્રુ સન્મુખ હૈયું કાળમીંઢ કરતા વધારે કઠોર હોય એજ યુવાન ધારેલા લક્ષ્યને ચરિતાર્થ કરી શકે છે.

૩૮ સુજ્ઞ થવું, નીતિમાન થવું, ઉદારચિત્ત થવું અને શૂરવીર થવું એજ માનવનું માનવપણું છે.

૩૯ યુવાન થઈ બીજાને દોષિત કરવાનું ષડયંત્ર કરે તો એ યુવાન નહીં, નમાલો છે.

૪૦ કષ્ટ ભોગવે, વ્યાધિ વેઠી લે, એનું કારણ પોતાને ગણે પણ બીજાને દોષિત કદી ન કહે, એ યુવાન.

૪૧ મન અને વિચાર એક માર્ગ પર વહેતા થાય તો કઠોરતમ કાર્ય સરળ થઈ જાય છે.

૪૨ યુવાનમાં સાહસ હોય પણ જો સાગર જેવી ગહરાઈ ન હોય અને આકાશ જેવી ઉદારતા ન હોય તો એ યુવાનને અનુસરાય નહીં.

૪૩ મહા માનવના સહયોગથી હૃદય પૂર્ણ થાય છે અને વાણીમાં મધુરતા વહે છે ત્યારે વાણીમાં ઈશ્વરીય સામર્થ્ય પ્રસરે છે.

૪૪ જેના વિચારમાં અને વર્તનમાં ભેદ ઊભો થાય એના કાર્યમાં વિખવાદ સર્જાય છે.

૪૫ દરેક યુવાનનો એ પ્રયત્ન હોય કે વિચાર વાણી અને પાણી આ ત્રણે એક પ્રવાહે પ્રવાહિત થાય.

૪૬ પોતાનું ભાગ્ય સબળું બનાવવું, અજમાવવું કે નિર્માણ કરવું એ વ્યક્તિના હાથમાં છે પણ બીજા કોઈના હાથમાં નથી.

૪૭ જેને પોતા ઉપર વિશ્વાસ ન હોય એને મહા માનવ ઉપર વિશ્વાસ ન આવે અને એને પરમાત્મા ઉપર પણ વિશ્વાસ ન હોય, એ તો નાસ્તિક છે ભલે એ દેવ પૂજા કરતો હોય, એ કેવળ ગોખેલું છે.

૪૮ પૃથ્વી પરમાત્માનું શરીર છે અને હે માનવ! તું પણ શ્રીહરિનું શરીર છે. જેટલી સહન શક્તિ પૃથ્વીમાં હોય એટલી ભલે તારામાં ન હોય પણ ઈશ્વરનો તું હોય તો તારામાં વધારે સહન શક્તિ પ્રગટ થવી જોઈએ.

૪૯	સદા ગંભીર રહેવું એ યુવાન માટે વ્યર્થ છે અને સદા બાળકવત્ સરળ રહેવું એ નકામું છે.

૫૦	હે યુવાન! આપણે પરમાત્માના શરીર છીએ અને એ આપણો આત્મા છે. આજ વિશિષ્ટ અદ્વૈત છે.

૫૧	જે કાંઈ કરીએ એને જો શ્રીહરિની પૂજા માની શકીએ તો કદી અંતરમાં ઉહાપોહ વ્યાપે નહીં.

૫૨	કાર્યમાં કે લક્ષ્યમાં રાગ કે આસક્તિ ઊભી થાય તો કલહની શુરૂઆત આપ મેળે થઈ જાય છે.

૫૩	ભાગેડુ કોઈ દિવસ શાંતિદૂત બની શકે નહીં કારણ કે પામર જ પલાયન થાય છે.

૫૪	જે કોઈ યુવાન જે કાંઈ કાર્ય કરે એમાં કદી સર્વાર્થ નિર્દોષતા સંભવે જ નહીં પરંતુ જેમાં ઓછામાં ઓછા દોષ રહે એજ મહાન યુવાન છે અને એજ મહાન કાર્ય છે.

૫૫	પ્રેરણાનું શ્રોત વાણી, વર્તન કે વિચારથી જે કોઈ વહાવી શકે એજ મહાન સાધક છે અને એજ મહાન છે.

૫૬	પરિશ્રમ કરવો એ માનવનો સ્વાભાવિક ધર્મ છે અને જે કર્મ ન કરે એ અકાળે કાળના ઝંઝાવાતમાં હોમાય છે.

૫૭	જેને તમે મળો કે જેની સંગાથે તમે વ્યવહાર કરો એની સંગાથે એના જેવા થઈને એ કાર્ય કરશો તો તમે તમારા પંથમાં સફળ છો.

૫૮	જે કામ કલાકોના ભાષણોથી ન થાય, એ કામ મૌન સેવવાથી થાય છે. જેમાં ભાષણ ઓછું હોય અને કાર્ય પ્રધાન હોય એ ખરે ખર અતિશય શ્લાઘનીય છે.

૫૯	ગુલામી એ પાયમાલી છે અને તાનાશાહીમાં બરબાદી છે. પરંતુ જ્યાં ભાવુકતા અને ઈશ્વરીય ભક્તિ જ્યાં હોય ત્યાં સર્વત્ર પ્રેમ નવપલ્લીત થાયછે અને એ પ્રેમને કારણે સર્વત્ર સર્વેને અદ્‌ભુત પ્રમોદ મળે છે.

૬૦	ભાવથી કે હેતથી કરેલાં કાર્યો કોઈ દિવસ ઠગાઈ કરતાં નથી અને સત્તાથી કરેલાં કોઈ કાર્યો અજાયબી દેતાં નથી.

૬૧	જે કાર્યમાં ઈશ્વરીય ભાવના ભરેલી હોય એ કાર્ય આત્માને જ નહીં સર્વેને આનંદ આપે છે.

૬૨	તમે બીજાની પ્રગતિ જોઈ બળતરા કરો તો ભોળા  છો અને સ્વયં પ્રગતિ કરવા કટિબધ્ધ થાઓ બુદ્ધીશાળી છો.

૬૩ ઈશ્વરનું બળ લઈ મુવા લગી હૈયે હિંમત રાખવી. કદી કાયર થઈ કે કચવાઈને પાછા પગ ભરવા નહીં.

૬૪ પડીએ, આખડીયે તો પણ લીધેલા માર્ગથી વિચલિત ન થઈએ તો ભગવાન આંતર બળ આપી આપણને નવી ચેતના આપી દે છે.

૬૫ તમને તમારા ઉપર વિશ્વાસ આવી જાય તો તમે ઈશ્વરના પ્યારા નિર્દોષ બાળક થઈ ગયા અને પછી તમે ઈશ્વરના સામર્થ્યસંપન્ન થઈ ગયા.

૬૬ હું ભગવાનનો છું એવું મને મનાયું તો મારામાં એ ભગવાનની શક્તિ છે એવો મને અહેસાસ થાય.

૬૭ નીતિમય જીવન જીવવા અને વ્યક્તિગત વિચારને દૃઢ કરવા દરેકે એકાંતમાં બેસવું પડે છે. પછી કાર્ય કરવામાં સફળતા સહેજે મળે છે.

૬૮ મૌન રહેવાનો કોઈ મતલબ નથી જો મૌનની ઓળખ ન હોય. ભલે મૌન રાખવાથી શક્તિનો સંગ્રહ થાય છે પણ તકેદારી ન હોય તો એ વ્યર્થ થાય છે.

૬૯ સ્વાધ્યાય કરવાથી મનની સ્થિરતા વધે છે અને ઈશ્વરીય મહાન વિચારો સહેજે સ્ફુરે છે.

૭૦ સ્થિરતામાં ઉદ્‌ભવેલા વિચારો મૂર્તિમંત થઈને જ રહે છે.

૭૧ પોતાના વિચારોનો પ્રચાર કે પ્રસાર કરવા કરતાં પોતામાં ઉતારવા વધુ ફાયદાકારક છે.

૭૨ બીજાને તમે તમારા રૂપમાં જોઈ શકો તો તમને બીજા ઉપર દ્વેષ કે દ્વિધા ઊભી નહીં થાય. ભલે અઘરું છે છતાં ફાયદામંદ છે.

૭૩ સ્પષ્ટ વક્તા થવું કે નાસ્તિક થવું ઘણું અઘરું છે અને ઢોંગી થઈ પોતાની મહાનતા બતાવવી એ સૌથી સરળ છે પરંતુ એનું ફળ અતિશય નિંદનીય છે.

૭૪ મહાપુરુષોના દિલની વિશાળતા બહુ ઘણી છે. એ પોતાના શત્રૂને મિત્ર બનાવી શકે છે અને રાક્ષસને સેવક બનાવી શકે છે. જુઓ બુદ્ધના સમાગમે અંગુલીમાન અને સહજાનંદ સ્વામીના સહવાસે જોબન વડતાલો.

૭૫ મનને સ્થિર કરવાનો ઉપાય બહુ કઠિન છે પણ અશક્ય નથી. જેના મનની સ્થિરતા થઈ તેને આત્માનું જ્ઞાન સહજમાં થાય છે.

૭૬ હે યુવાન! તારા ભીતરમાં જ જ્ઞાનનો ખજાનો છે. તને તારા ભીતરમાં જવાની જરૂર છે કારણ કે કોઈ અન્ય વ્યક્તિ કોઈને જ્ઞાન આપતી નથી. જ્ઞાન આત્માનું અંગ છે એ આત્માથી અલગ ન હોય.

૭૭ જેને પોતાના બળની જાણકારી ન હોય એ યુવાન હોય તો પણ દુર્બળ થઈને ભટક્યા કરે છે.

૭૮ જેને ભૌતિક શિક્ષણ મેળવ્યું છે એને અભૌતિક શિક્ષણ મેળવવાની અનેક તકો છે. જેને વ્યવહારિક શિક્ષણ નથી મેળવ્યું એને ઈશ્વરીય દર્શનમાં અનંત કઠણાઈનો સામનો કરવો પડે છે.

૭૯ જીવનમાં વિકાસ જરૂરી છે પણ વિકાસ કરવા માટે આંતરિક અને બાહ્ય બળ જોઈએ અને એ બન્ને પ્રકારનાં બળ કેવળ ભગવાન સ્વામિનારાયણના ધ્યાન કરવાથી જ મળે છે.

૮૦ ભગવાનના ધ્યાનની સંગાથે એક વાત અવશ્ય ધ્યાનમાં રાખવી કે કોઈ વ્યક્તિ તરફ કોઈ પ્રકારની ઘૃણા કે આસક્તિ ન રહી જાય. મનની એકાગ્રતા સાધવામાં બન્ને વિઘ્ન કરનારાં છે.

૮૧ આત્મીયતા થયા પછી સર્વેમાં પ્રેમની ઝાંખી થાય છે.

૮૨ વાણી વિચાર અને વર્તનમાં હેત પાંગરે તો માણસ જે ધારે એ લક્ષ્યને આંબી શકે છે.

૮૩ વાસનાથી જગત આખું વાસિત છે. એ એક પ્રકારનો મદ છે એ મદથી વિખુટુ થવા માટે અને ઈશ્વરીય અનોખો મદ માણવા માટે કોઈ સાધક પાસે જવું પડે અને ભગવાનનું નિયમિત ધ્યાન કરવું પડે.

૮૪ માણસ કે રાષ્ટ્ર જો સાધકને કે નાયકને ગુમાવે તો પંદર વીશ વર્ષ પાછડ હટી જાય છે.

૮૫ માનવ ઈતિહાસનું કદાચ કોઈને ભલે કાંઈ પ્રયોજન ન દેખાતું હોય તો પણ એનું અનુસંધાન કરનાર સમાજ કે સંગઠન કદી અધોગતિએ જતું નથી.

૮૬ ભગવાનની ઉપાસના, એનાં ચરિત્રનું ગાયન, એના નામનું ચિંતવન અને મર્યાદા પાલન કરનાર સમાજ કે વ્યક્તિ આંતરિક અને બાહ્ય સુખ સહેજે સહેજે મેળવે છે. આ સર્વત્ર અત્યાદરણીય છે.

૮૭ હે યુવાનો! તમે જે કાંઈ કાર્ય કરો એમાં કદી બેદરકાર ન રહો. દરેક કાર્યમાં તમારા બળ અને કળનો પુરો ઉપયોગ કરો તો સફળતા અઘરા કાર્યમાં પણ સહજ છે.

૮૮ તમે જે કાર્ય હાથમાં લ્યો, એ કાર્ય ભગવાનનું છે અને ભગવાન મને નિમિત્ત બનાવીને પૂર્ણ કરશે, એવા દૃઢ વિશ્વાસ સાથે આગળ વધો.

૮૯ જે યુવાન નિર્બળ હશે, એ યુવાન આ લોકમાં દુઃખી હશે અને ભવરોગમાં ભટકતો રહેશે. ભવરોગથી મુક્ત થવા સામાર્થ્ય સંપાદન કરો અને સામાર્થ્ય સંપાદન કરવા માટે ભગવાનનું ધ્યાન કરવાથી થાય છે.

૯૦ કોઈને ગાળ દેવી નહીં અને કોઈની નિંદા કદી કરવી નહીં અને પોતાની મોટાઈ કે સરસાઈ દેખાડવા કોઈની ફજેતી કરવી નહીં. જે કરે છે એને જીવનમાં કદી ઉર્ધ્વગતિ કે પ્રગતિ દેખાતી જ નથી.

૯૧ જે સાધક આવતી આપત્તિઓનો અને કઠણાઈઓનો સામનો કરે છે. એજ યુવાન પાછલે દહાડે અવશ્ય સફળ થાય છે.

૯૨ દુઃખને કે વ્યાધિને તમે તમારી જાત ઉપર લઈ લેશો તો કોઈ જીવનનો ડૉક્ટર તમને એનાથી મુક્તિ અપાવી શકશે નહીં.

૯૩ જેમ સુખ સદા રહે નહીં તેમ દુઃખ પણ સદા રહે નહીં. હર્ષ અને શોક એ તો આવે ને જાય, એમાં કદી મુઝાવું નહીં.

૯૪ દુઃખ કે તકલીફ વિના સાચું શિક્ષણ કદી કોઈને મળતું જ નથી. મુશ્કેલીમાં જ આંતરનો જ્ઞાનદીપ પ્રગટે છે.

૯૫ દરેક આત્મા એ નક્ષત્ર છે અને પરમાત્મા નક્ષત્રનો રાજા છે. સર્વે નક્ષત્રોથી ભગવાનની શોભામાં અભિવૃધ્ધિ થાય છે. એ નક્ષત્રો કદી અરસ પરસ અથડાતાં નથી. કોઈના તરફ ઘૃણા કે દ્વેષ કરતાં નથી.

૯૬ નાશવંત અને પરિવર્તશીલ સંસારમાં ભગવદીય અને આત્મીય પ્રેમ શાશ્વત છે અને એજ સર્વેને અનોખો આનંદ આપનાર છે.

૯૭ પારકી છાની વાર્તાને પ્રકાશિત કરવી એમાં વ્યક્તિની મોટાઈ નથી. સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી પારકી વાતોનો પ્રચાર અને પ્રસાર કરવામાં પરમ લાભ છે.

૯૮ જે વાણીથી બીજાને ઉપદ્રવ થાય કે પોતાનું અનિષ્ટ થાય, એ વાણી બોલવામાં કદી કોઈનું શ્રેય નથી.

૯૯ જીવનમાં મૌલિકતા સંપાદન કરવી કઠણ છે પણ મૌલિકતા સંપાદન કર્યા પછી મળનારા લાભ સર્વત્ર મધમધતી સુવાસ પ્રસરાવી દે છે.

૧૦૦ આપણી ગરિમા ધનથી કે દોલતથી નહીં. ગરિમા તો વ્યક્તિના વૈચારીક અને સદાચારી વર્તણુકથી છે.

૧૦૧ હળદરનો ગાંઠીયો રાખી ચોરે બેસી જવાથી ગાંધી થવાતું નથી અને ભગવી ચાદર ખંભે નાખવાથી સંન્યાસી થવાતું નથી.

૧૦૨ સદા બડબડાટ કરનારો ભલે યુવાન હોય એ કાંઈ કરી શકતો નથી કારણ કે ફરિયાદ કરનારો અને ઝઘડા કરનારો પોતાથી જ પરાસ્ત થયેલો છે.

૧૦૩ પોતાની ઈચ્છાશક્તિમાં ભગવાનની શક્તિ ભળી જાય તો એ સંકલ્પમાં પ્રબળ તાકાત આવી જાય છે અને એ સંકલ્પ સાકાર થઈને જ રહે છે.

૧૦૪ જ્યાં પક્ષપાતનો પ્રારંભ થયો ત્યાં અધોગતિનો આરંભ થયો કારણ કે અધોગતિનું કે અનર્થનું કારણ જ પક્ષપાત છે.

૧૦૫ અનંત જાતની વિટંબણાથી હલવાયા છતાં જે યુવાન પાછો પગ નથી ભરતો એ જ યુવાન સફળતા મેળવે છે. પ્રતિકાર કે સામનો કર્યા વિના સહજમાં મળેલી સફળતા જીવનમાં આનંદ આપતી નથી. જે વિટંબણાનો પ્રતિકાર કરે છે એજ સફળ ખેલાડી છે અને એજ જીવનને સાચો ઘડવૈયો છે.

૧૦૬ જે યુવાન આ વિશ્વ વ્યાયામ શાળામાં નિયમિત કસરત કરવા પોતાની જાતને સમર્પિત કરતો નથી, એ યુવાન કદી પોતાને સક્ષમ ખેલાડી બનાવી શકતો નથી. પોતાની જાતને બળવાન બનાવવા આ વિશ્વ વ્યાયામ શાળામાં મનને અને તનને સક્ષમ કરવું પડે છે.

૧૦૭ નિર્ભય થઈ પોતાના જીવનને બલિદાનની વેદિકાએ હોમવા આગળ આવ્યા છે એજ યુવાનો પોતાની વિજય પતાકા વિશ્વમાં લહેરાવી શક્યા છે.

૧૦૮ દ્વેષથી પોષાયેલું સંગઠન ભલે વિશ્વને હંફાવનારું હોય પણ એ સંગઠન આખરે દ્વેષની આગમાં આપોઆપ હોમાઈ જાય છે. જ્યારે ભાવથી અને હેતથી પાંગરેલું સંગઠન વિશ્વને સ્વર્ગ જેવું સુખ આપી વ્યક્તિ વ્યક્તિના હૈયામાં પરોવાઈ જાય છે.

૧૦૯ યાત્રા કરવાનો મકસદ વિવિધ પ્રકારની વ્યક્તિ સંગાથે વાર્તાલાપ કરીને એના રંગમાં રંગાઈ જવાય, એના જેવા પ્રફુલ્લિત થઈ જવાય અને એની સફળતાને માણી શકાય એવો હોય તો જ સાચા અર્થમાં આપણે પર્યટક પુરવાર થઈએ છીએ.

૧૧૦ જેનું મન તંદુરસ્ત હોય એનું તન તંદુરસ્ત હોય અને તન મન તંદુરસ્ત હોય તો કોઈ કાર્ય એવું ન હોય કે તેને સફળતાને આરે ન પહોંચાડી શકાય.

૧૧૧ આપણે જે આહાર કરીએ અને વિહાર કરીએ એમાં જો તનની અને મનની તંદુરસ્તી ન જળવાતી હોય તો એ આહાર વિહાર વ્યર્થ છે અને હાસ્યાસ્પદ છે. આહાર અને વિહાર તો શક્તિ અને સામર્થ્ય સંપાદન કરવા માટે છે પણ બરબાદ કરવા માટે કદાપિ નહીં.

૧૧૨ જેટલા કાયદા વધારે એટલા ભય વધારે કારણ વધારે કાયદા જેમ તેમ છૂટછાટ માટે જ ચરિતાર્થ થયા છે. જુઓ, સ્વામિનારાયણ ભગવાને માનવ માટેના બધા જ કાયદાઓ કેવળ ૨૧૨ શ્લોકમાં સમાવિષ્ટ કરી દીધા.

૧૧૩ પુરુષને નારીઓમાં સીતા, સાવિત્રી અને દમયંતીનો આદર્શ જોવા ખપે છે પણ પોતાને બધી જાતની છૂટ ખપે છે. પોતાને શ્રીરામ કે હનુમાન જેવું આદર્શ પાત્ર બનવું કોઈને ખપતું નથી. પોતાને બદલે બીજાને સારા જોવા ઈચ્છતો સમાજ કે પુરુષ જો નાયક બને તો સમાજનું અધઃપતન અવશ્ય થાય છે.

૧૧૪ સત્તા સંપાદન કરવી ગમે, પણ સમર્પણ કરવું ન ગમે તો એવા લોકો કદી કોઈનું ભલું કરે નહીં અને દગાબાજી કરી સત્તા ઝૂંટનારા લોકો જો નાયક બની તમારી પાસે આવે તો તમને પણ બરબાદ અને બેહાલ કરે કારણ કે એ નાયક નહીં પણ નાલાયક છે.

૧૧૫ જેના વર્તનમાં, વિચારમાં અને વાણીમાં સદાચાર છે એના ગ્રંથોમાં નીતિ, ન્યાય, દર્શન અને ઈતિહાસ યથાર્થ રીતે વણેલો હોય જ છે. એજ સમાજ વૈદિક હોય, સાત્વિક હોય અને સર્વનું હિત કરનારો હોય. કહો કે એજ સમાજ હિન્દુ હોય.

૧૧૬ જો ઈર્ષ્યા અને અદેખાઈની લાળ તમને અડી ગઈ તો તમે અભડાઈ ગયા હવે તમે નેતા બનવાને લાયક હો પણ તમને કોઈ સફળ નેતા ગણશે નહીં.

૧૧૭ દુર્બળતા માણસને પરાધીન બનાવે છે. ચોરી, ડકૈતી, જૂઠાણું, ધૂર્તતા વિગેરે અનર્થ મોટા ભાગે દુર્બળતાને કારણે જ થાય છે. દુર્બળતાને ભગાડવા માટેનો ઉપાય નિર્ભયતા છે અને સાહસ છે.

૧૧૮ હે યુવાન! તું બળવાન છે. તું શક્તિ સંપન્ન છે. તારામાં અનેક પ્રકારનું સામર્થ્ય છે. સતત એવા વિચારનું ચિંતન તારા ચિતમાં રહેશે તો તને તારી ઓળખ થવા લાગશે. એટલે જ સતત પોતાની દૃષ્ટિથી પોતાને જોવા પ્રયત્ન કરવો.

૧૧૯ ભગવાનમાં ભક્તિ અને સાધકમાં હેત ત્યારે થાય છે કે જ્યારે પોતાના ડહાપણનો ડોળ ઘટે છે અને વ્યક્તિગત વિચારોનો અંત થવા લાગે છે. આત્મીય આનંદ મેળવવામાં પોતાની બુદ્ધિ અને સ્વતંત્ર વિચાર ઘણી આડખીલીઓ ઊભી કરે છે.

૧૨૦ જે વિચારોથી વ્યક્તિ આત્મ નિર્ભર થઈ શકે અને સદા આનંદના મહાસાગરમાં વિહાર કરી શકે એવું શિક્ષણ જ્યાં મળે ત્યાં જ પોતાનું પરમ કલ્યાણ છે.

૧૨૧ જે દિવસે તમને એવો વિચાર આવ્યો કે હવે મારે કાંઈ પ્રાપ્ત કરવાનું રહ્યું નથી. તે દિવસથી પીછે હઠ થવાની શુરુ થઈ ગઈ અને તમારે પણ મેળવવાને બદલે

ગુમાવવાનું શુરુ થયું. એટલે મનમાં જ્યાં સુધી કાંક કરી ચૂકવાની તમન્ના રહે એ અતિ શ્લાઘનીય છે.

૧૨૨ સદા લોક સંપર્કમાં આવવાથી શિક્ષણ મળે છે પરંતુ પ્રકૃતિની મૂળ ગોદમાં રહેવાથી મૂળભૂત શિક્ષણના શ્રોતો આપો આપ સ્ફુરાયમાન થાય છે.

૧૨૩ ખરાબ વ્યક્તિને ખરાબ કહેવાથી વધારે ખરાબ થઈ શકે છે અને એને છાવરવાથી બરબાદી થઈ શકે છે પરંતુ જો એને કોઈ કાર્ય કર્યું હોય તો એને વધાવી વધારે સારા કહેવા પ્રયત્ન કરાય તો એને હૈયામાં સુધરવાની ઊર્મિઓ ઊઠશે.

૧૨૪ સાર સારને ગ્રહી લે અને થોથા દે ઉડાય. આ નીતિ વાક્યથી સર્વત્ર સમત્વ ભાવ રાખી સદ્‌ગુણ કે શિક્ષણ મેળવવાથી જીવનમાં આત્મજ્ઞાન સહિતનો વિકાસ થાય છે.

૧૨૫ શિક્ષણની સફળતા એજ કહેવાય કે જેમાં બળબળતા ઓછી અને મહેનત ઝાઝી. સફળ શિક્ષણથી વ્યક્તિ શાંત રહી શકે છે અને પોતાના પગ પર ઊભી રહી શકે છે. આવું શિક્ષણ દરેકના જીવનમાં હોવું અતિ મહત્વનું છે. આજ શિક્ષણથી જીવનની મૌલિકતા પ્રગટે છે.

૧૨૬ ગુરુ શિષ્યને કાંઈ પદાર્થ આપે ન આપે એ મહત્વનું નથી પણ એના વિકાસમાં કે એના શિક્ષણમાં આવતી અડચણો દૂર કરે અને વ્યક્તિત્વ વિકાસમાં અને આત્મજ્ઞાનમાં સાથ સહકાર આપે તો એ ખરા અર્થમાં ગુરુ છે. ગુરુ કદી પોતાનું જ્ઞાન કે વિજ્ઞાન શિષ્યને આપતા નથી. ગુરુજી તો માત્ર જ્ઞાનદીપ જગાવે છે.

૧૨૭ સંપ્રદાય કે સંગઠન ભલે અનંત હોય, પરંતુ અરસ પરસ વિદ્વેષ નથી, તો જેમ સંપ્રદાયો વધારે તેમ લાભ વધારે. દરેક સંપ્રદાયમાં કાંઈક ને કાંઈક મહત્વ છુપાયેલું હોય જ છે.

૧૨૮ ઈચ્છાઓની પૂર્તિ કરવા કરતાં સમજણથી સીમિત કરવી એ બુદ્ધિમત્તા છે કારણ કે કોઈની સમસ્ત કામનાઓ પૂર્ણ થતી જ નથી.

૧૨૯ લાખ ભોગ ભોગવવા મળે પરંતુ ભોગ ભોગવવા શરીર સાથ ન આપે તો બધું વ્યર્થ છે. જીવનમાં જેમ ભોગ વધશે તેમ રોગ વધશે. ઓછા ભોગે આરોગ્ય ઝાઝું સ્વસ્થ રહેશે.

૧૩૦ સંપ્રદાય કે મત સમસ્ત માનવ વર્ગને સુખી કરવા પ્રયત્ન કરે તો એ મત ઈશ્વરીય છે અને ગરીબ, રાંક કે નિરાધારને સાધાર ન કરે તો એ ધર્મ કે મત કેવળ ધન કમાવા માટે છે. ધન કમાવાને મત હોય તો એ અસુર મત છે.

૧૩૧ પદાર્થને પ્રેમ કરવો એ લાલચ છે અને ચેતનાને પ્રેમ કરવો એ વહાલ છે અને ચૈતન્યને સર્વત્ર જોઈ શકીએ અને સર્વેમાં પરમાત્માનાં દર્શન કરી તેની સંગાથે આત્મીયતા કરી શકીએ તો એ ભક્તિ છે.

૧૩૨ નિરાશ થઈ જિંદગીને વ્યર્થ જવા દેવી, હતાશ થઈને કે અજ્ઞાનવશ થઈને બેકાર જિંદગી વિતાવવી એનાં કરતાં તો વગર વિચારે દેશના કલ્યાણ માટે મરી જવું બહુ ઉત્તમ છે.

૧૩૩ ત્યાગ કરવો કાંઈ સરળ નથી અને ત્યાગથી મળનારી શક્તિ ઓછી નથી. ત્યાગથી મહામાનવ બનાય છે કારણ કે ત્યાગથી જ જીવનમાં નિર્ભયતા અને નીડરતા આવે છે. જીવનની ઉચ્ચતર સિધ્ધિ પણ નાના ત્યાગથી જ મળતી થાય છે.

૧૩૪ નચીકેતા પિતાનો, પરિવારનો અને સુખનો ત્યાગ કરવા તૈયાર થયો તો મહામાનવ બની મંત્રદૃષ્ટા બન્યો અને મહાન મહર્ષિ બન્યો.

૧૩૫ ત્યાગ કરવા પ્રથમ સંકલ્પ યુવાને સ્વયં કરવાનો હોય છે. મનથી ત્યાગની શુરુઆત થાય અને દેહમાં પર્યાવસાન થાય એટલે આત્માની દિવ્યદૃષ્ટિ ઉઘાડી થાય છે.

૧૩૬ હે યુવાન!ત્યાગમાં કઠણાઈ નથી. જેટલી કઠણાઈ સુખ મેળવવામાં છે એનાથી દશ ગણી ઓછી કઠણાઈ ત્યાગમાં છે અને સુખની પાછળ મોટું દુ:ખ અચૂક આવે છે અને ત્યાગની પાછળ અનોખો આનંદનો ગંગા પ્રવાહ વહેવા લાગે છે.

૧૩૭ આપનારો કમાય છે અને લેનારો ગુમાવે છે એટલે આપણે ત્યાં દાનનું બહુ જ મહત્વ છે. દાનમાં કોઈના જીવનમાં પ્રકાશ પાથરવો એનાથી મોટું કોઈ બીજુ દાન નથી. જેને જ્ઞાનપ્રકાશ સાંપડ્યો એણે જીવનમાં અણમોલ આનંદ મેળવ્યો.

૧૩૮ હજાર ઉપાયે જે વ્યાધિ દૂર ન થાય, એ જ્ઞાનચક્ષુ ઉઘડી જાય તો સહજમાં થઈ જાય કારણ કે જીવ, જગત અને જગદીશ્વરનું યથાર્થ જ્ઞાન આત્માને સર્વ સમર્થની ઓળખ કરાવી દે છે એથી દુ:ખ કે ઉપાધિ કાયમને માટે હટી જાય છે.

૧૩૯ પવિત્ર ગ્રંથોનું વાચન અજ્ઞાનગ્રંથી ખોલવા માટે છે. વાંચન કર્યા પછી પણ ગ્રંથી ન ખૂલી તો વાંચન કરેલું નથી અથવા ગોખેલું છે કારણ કે ગ્રંથી તોડવા માટે જ ગ્રંથો છે- શાસ્ત્રો છે.

૧૪૦ પંચવિષયની લાલસાને મિટાવ્યા વિના ભગવાનનું સાન્નિધ્ય સાંપડે જ નહીં અને કદી જીવનમાં નિર્ભયતા આવે જ નહીં. ભગવાનની ઉપાસના કરવાથી નિર્ભયતા આવે, હિંમત આવે,નીડરતા આવે અને વાસના ધીરે ધીરે નિવૃત્ત થાય.

૧૪૧ ભગવાનના જેવું સામર્થ્ય આપણામાં હોવા છતાં ઢોંગ અને દંભના આશ્રયથી એ સામર્થ્યની અનુભૂતિ થતી નથી. ઉચ્ચતર સ્ટેજે પહોંચવું હોય તો ઉચ્ચ સિદ્ધાંતોને સંવારવા પડે.

૧૪૨ જે યુવાને પોતાના જીવનમાં સર્વસમર્થ પરમાત્માને પામવાનો દૃઢ નિશ્ચય કર્યો, તેણે જે જે કાર્ય કરવાનો સંકલ્પ કર્યો તે તે સિધ્ધ થયો જ જાણો કારણ કે એણે જાણ્યું છે કે સર્વોચ્ચ લક્ષ્ય ભગવાન છે અને મને મારી કોઈ પણ પ્રવૃત્તિથી એને જ પામવા છે.

૧૪૩ ભગવદ્‌ગીતા યુદ્ધભૂમિમાં ગવાઈ છે એટલે એ એવું મંત્ર શાસ્ત્ર છે કે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી દરેક મંત્ર એમાંથી સુલભ થાય. જેની પાસે ભગવદ્‌ગીતા છે એની પાસે દરેક કોયડાના ઉપાયો છે.

૧૪૪ જીવ અને પરમાત્માનો સીધો અને સરળ પ્રત્યક્ષ સંવાદ એટલે વચનામૃત કે જેમાં ભગવાન સ્વામિનારાયણે સામાન્ય માનવના સામાન્ય પ્રશ્નોથી માંડી મહામાનવના પ્રશ્નો, સાધકોના મુખે પુછાવ્યા છે. આના વાંચન અને ચિંતવનથી સામાન્ય માનવી ભગવાન જેવો સામર્થ્ય-સંપન્ન બની શકે છે અને એના જેવું કાર્ય કરી શકવા સમર્થ થઈ શકે છે, તો મહામાનવની વાત શું કરવી.

૧૪૫ પંચવિષયનું સુખ માણવા તનતોડ મહેનત કરવી અને એ મળી જાય તો લક્ષ્ય સિધ્ધ થયું, એવી ક્ષુલ્લકવૃત્તિ તો મૂર્ખ માનવને જ હોઈ શકે કારણ કે એના માટે તો પશુ પક્ષી સૌ પરિશ્રમ કરે છે.

૧૪૬ નિર્બળ અને નમાલો મુક્તિ પામીને શું કરે? એ તો પોતાના હાથે પોતાને લાગેલો કાંટો પણ કાઢશે નહીં. બળવાન તો રાષ્ટ્રને લાગેલો કાંટો કાઢી નાખશે અને હસતે હસતે બલિની વેદીએ ચઢી જશે. આવો સમર્થ યુવાન મુક્તિને હાથમાં લઈને ફરતો હોય છે.

૧૪૭ ત્યાગ એટલે ઉચ્ચ લક્ષ્યની મોટી અપેક્ષા. પ્રભુના દિવ્ય આનંદ માટે સતત પરિશ્રમ, ઈશ્વરીય આનંદની શોધ માટે આંતરિક શોધ અને પૂર્ણબ્રહ્મની પ્રાપ્તિ માટે ભગવાનની ભક્તિ.

૧૪૮ યુવાનીમાં જે યુવાન પોતાના લક્ષ્યની સીમા નિર્ધારિત કરતો નથી, એ યુવાન ખરા સુખનો હકદાર બનતો નથી.

૧૪૯ અર્જુન સત્યને શરણ થયો અને એણે એ પ્રમાણે કર્યું તો વિજયધ્વજ લહેરાયો. દુર્યોધન પોતાને શરણે રહ્યો પણ ભગવાનને શરણ ન થયો તો પરિવાર સહિત બરબાદ થયો અને કમોતે મરાયો.

૧૫૦  દુર્બળતાને છુપાવવા કદી સત્ય કે ભગવાનનો આશ્રય લેવો નહીં પરંતુ સબળતા સિદ્ધ કરવા ભગવાનનો અને સાધનાનો સહારો જરૂર લેવો. તો તમે બળવાન થશો અને શક્તિ સંપન્ન થશો.

૧૫૧  મહાપુરુષોનાં જીવન ચરિત્રોનું વાંચન કર્યા વિના કે સદ્ગ્રંથોનું ચિંતવન કર્યા વિના મહા માનવ બનવાની કલ્પના જ નથી આવતી. તો કાર્ય સક્ષમ થવાની વાત જ શી કરવી?

૧૫૨  આવા વૈભવ પૂર્ણ સંસારમાં મહાપુરુષો યથાવત્ નિર્લેપ થઈને રહે છે. એમને નથી પાસ લાગતો વૈભવનો કે નથી ભય લાગતો મૃત્યુનો, એને નથી ભય રહેતો વિષવાદનો કે નથી ભય રહેતો વ્યાધિનો. એતો રહે છે સદા પોતાની મસ્તીમાં.

૧૫૩  સદ્ગુરુની સેવા વિના અને એના અનુશરણ વિના વેદ-વેદાન્ત, સંહિતાઓ, પુરાણો કે ઈતિહાસો કંઠસ્થ થઈ જાય પણ કામ લાગે નહીં. જીવનમાં એક પગથીયું સર થાય નહીં.

૧૫૪ સર્વજીવહિતાવહનો સંદેશ આપનાર ભગવાન સ્વામિનારાયણનું જો શરણ ન મળ્યું તો લાખ પણ રાખના છે અને કરોડ કોડીના છે.

૧૫૫  જે નિયમિત વચનામૃતનું વાંચન કરે એને કોઈ દિવસ નબળો વિચાર આવે નહીં કારણ કે એમાં તો પાને પાને સ્વામિનારાયણ ભગવાને બળ અને હિંમત આપી છે.

૧૫૬  જેને વાંચનમાં વચનામૃત છે, એના વર્તનમાં વિવેક છે, ઊંડો વિચાર છે,કરણીમાં ઉદારતા છે, હૈયામાં પરમ ત્યાગ છે અને તન મન ધન પ્રભુ ચરણમાં સમર્પણ છે. જીવનમાં નીડરતા અને વાણીમાં શૌર્યતા છે.

૧૫૭  વેદ અને ઉપનિષદ માનવ માત્રના મંત્રો છે અને સંહિતા, રામાયણ, મહાભારત અને પુરાણો તો મંત્ર, યંત્ર અને તંત્રના સત્ય સિદ્ધ પ્રયોગો છે.

૧૫૮  દરેક પાસે શાંતિ અને અસીમ આનંદનો ભંડાર છે પણ ભેદ વૃત્તિને કારણે ભોગવાતો નથી. ‘આ મારો શત્રુ છે અને આ મારો મિત્ર છે’ આ સ્વભાવ ભેદ મટી જાય તો આનંદનો મહાસાગર ઉમટી જાય.

૧૫૯  હૈયામાં સુષુપ્ત પડેલી દેવ ભાવનાને જગાડવામાં આવે અને દરેકને શાંતિ અને અસીમ આનંદ બાટવામાં આવે તો આપણને સર્વમાં દેવત્વનાં દર્શન થાય.

૧૬૦  કુદરત આપણને સર્વસ્વ પ્રદાન કરે પરંતુ જો ભોગવતાં ન આવડે તો લુંટાઈ જવાય. બુદ્ધિ, ધન, સંયમ, વિજય, સમૃદ્ધ પરિવાર વિગેરે મળ્યા પછી ઉદારતા ગાયબ તો જોત જોતામાં બધું ગાયબ થાય.

૧૬૧ જે બીજાનું દુઃખ પોતા માથે લે એને પોતાનું દુઃખ પણ ભોગવવું પડતું નથી. જે બીજાને હેરાન પરેશાન કરે, એને ઘરનાં જ ઠેકાણે રહેવા દેતાં નથી.

૧૬૨ જે મનુષ્ય એવી ભાવના સંપાદન કરે કે જીવ એ સર્વે શિવ છે અને સેવા એ શિવની સેવા છે તો એને દરેકમાં શિવનાં દર્શન થાય પણ આ મંદિર જવું કે આ મંદિરમાં રહેવું અતિ કઠણ છે.

૧૬૩ અચેતનમાં ચેતનનાં દર્શન કરવાં સરળ છે પણ સમસ્ત ચેતનમાં ચૈતન્ય પરબ્રહ્મ પરમાત્માનાં દર્શન કરવાં એ સાધના છે - તપશ્ચર્યા છે.

૧૬૪ કાંટામાં વીટાયેલું ગુલાબ પોતાની સુવાસથી વાતાવરણ મહેકતું કરી દે છે અને કેટલાક દુઃખીયા કે નિરાશીના હૈયાના કાંટા કાઢી નિષ્કંટક કરી ધન્ય કરી દે છે. હે ગુલાબી યુવાનો! તમે એવી જ મહેક લઈને કુદરતના ઘરથી અહીં આવ્યા છો.

૧૬૫ જેણે બીજાને કઠણાઈમાં મદદ કરી, તેને તકલીફ પડે ત્યારે પારકો આવીને ઉગારી લે છે. પુત્રથી વધારે વહાલ આપી તમને કૃતકૃત્ય કરી દે છે.

૧૬૬ જે નિયમિત એવું ચિંતવન કરે કે મારે જન્મથી ડરવું જોઈએ નહીં અને મૃત્યુથી ગભરાવું જોઈએ નહીં. હું ભગવાનનો અંશ છું અને ભગવાન ભેળો છું તો તેને ભગવાન ભેળું જ રહેવાનું થાય છે.

૧૬૭ દરેક સંપ્રદાય કે સંગઠનનું મૂળ વેદ અને વેદાન્ત જ હોય છે પણ કોઈ કયું પ્રધાન કહે અને કોઈ કયું પ્રધાન કહે એમાં જ ભેદ થાય છે અને અજ્ઞાનતાને કારણે વિષવાદ ઊભો થતાં વેર ઝેરનાં વૃક્ષો ઊગી નીકળે છે.

૧૬૮ પોતાને પોતાની જે સાચી ઓળખ કરાવે એ શાસ્ત્ર અને એ ગ્રંથ. જે ગ્રંથથી પોતાને બળ ન મળે કે આત્મશક્તિનો સંચાર ન થાય કે પોતાની ઓળખ ન થાય તો એ શાસ્ત્ર પોતાને કોઈ કામનું કહેવાય નહીં.

૧૬૯ ઉપનિષદ અને સ્વામિનારાયણ ભગવાનનું વચનામૃત એ વ્યક્તિને વ્યક્તિવાદથી ઉપર ઉઠાવે છે અને દેવત્વ સુધી પહોંચાડે છે. ઈશ્વરના પરમ સેવક બનાવે છે.

૧૭૦ મહાપુરુષની ઓળખ એમના શાંત સ્વભાવથી, એમના મૌનથી કે એમની અજ્ઞાનતાથી કે જ્ઞાનથી થતી નથી. એમની ઓળખ તો સ્વયં કરાવે તો થાય છે.

૧૭૧ વિવેકીને મહાપુરુષ વહેલા મલી જાય છે કારણ કે એમને એમનું જીવન વાંચતાં આવડી જાય છે. જેને મહાપુરુષનું જીવન વાંચતાં આવડ્યું એને મંત્રોનું ભાષ્ય પણ સમજાઈ ગયું.

૧૭૨ સર્વની સંગાથે સામંજસ્ય રાખવું અને કોઈમાં આસક્તિ રાખવી નહીં. આવી ચેતના ચેતનવંતી રાખવા સદા યુવાન રહેવું પડે છે. જે યુવાન રહે છે એ જીવનમાં દરેક માર્ગે સફળ થાય છે.

૧૭૩ જેને ભગવાનનું જીવન સર્વદિશોઓથી પરિપૂર્ણ દેખાય એને ભગવાનમાં લગની લાગે અને એના શરણમાં રહી એની પૂર્ણતા મેળવવાની તીવ્રતા વધે.

૧૭૪ આ સંસાર નાશવંત નથી, આપણે નાશવંત નથી અને સમગ્ર સૃષ્ટિ પણ નાશવંત નથી કારણ કે શાશ્વતે જેનું સર્જન કર્યું હોય તે શાશ્વત જ હોય છે. સ્થળ અને સીમાઓ બદલાય. ઘટ અને ઘાટ બદલાય પણ નાશવંત કોઈ જ નથી.

૧૭૫ જે રમતમાં ખેલદિલી હોય અને વિજયની તમન્ના હોય એ રમત જોવાની મજા અનોખી હોય છે. ખેલાડીને આનંદ હોય અને પ્રેક્ષકોને મોજ હોય. જે રમતમાં કપટ હોય કે દ્વેષ હોય અને કરપ્શન હોય કે કમ્પ્લેન હોય એ રમતમાં મોજ મારી જાય છે.

૧૭૬ જે કાંઈ કાર્ય હેતથી કે વ્હાલથી કરાયું હશે એનું ફળ સૌને વહાલું લાગશે અને દ્વેષથી કરાયેલું સારું કાર્ય પણ સર્વેને અશાંતિ અને ઉદ્વેગ આપશે.

૧૭૭ દરેકને જીવનમાં સતત પરિશ્રમ કરવો જોઈએ. ભલે ફળની આશા રહેતી હોય પણ એના તરફ બેદરકાર રહી, પ્રભુની પ્રસન્નતામાં સંલગ્ન થવું. કર્મ કરતાં ભલે ભૂલો થાય, એ ભૂલોનું ચિંતન તજી કર્મનુંજ ચિંતન કરવું જોઈએ.

૧૭૮ કાર્યમાં નિષ્ફળતા મળે તો પલાયનવૃત્તિ જાગે પરંતુ પલાયન કરવાથી સફળતા કદી નહીં મળે અને યશની લાગેલી કલગી ધૂળમાં રગદોળાશે, એટલે ભાગવા કરતાં સામનો કરવા કટ્ટીબદ્ધ થવું જોઈએ.

૧૭૯ શાંતિનો પથ નિવૃત્તિ નથી પણ હિમત પૂર્વક આગે કુચ કરવી એજ છે. નિર્બળ અને નમાલા લોકોએ શાંતિપથનો અર્થ બદલાવી નાખ્યો છે. જેના હૈયામાં ભય, નિર્બળતા અને અશાંતિ છે, એવા લોકો કર્મથી કે પ્રયત્નથી પીછે હઠ કરે છે, પલાયન કરે છે અને પોતાનું સ્વમાન જાળવવા શાંતિની વાતો કરે છે.

૧૮૦ કાર્યની સફળતા નિર્ભયતા અને નીડરતા પર આધારિત છે. જે યુવાન બુદ્ધિનો અને સાહિત્યનો સહારો લઈ પોતાની ફરજમાં લાગ્યો રહે છે એને સફળતા સામેથી સાંપડે છે.

૧૮૧ ગુલામીમાં મળતા ભોગ, રોગ જેવા છે અને આઝાદીમાં વહોરવી પડતી કઠિન આપત્તિઓ પણ અમૃતપાન જેવી સ્વાદિષ્ટ છે. સ્વતંત્રતાની લડત જ અમૃત અપાવે છે અને ગુલામીની મજા મોત અપાવે છે.

૧૮૨ જેને શિક્ષણ પ્રેમથી અને ભાવથી મળ્યું હોય એના વર્તનમાં અને વિચારમાં ભાવુકતા ભરેલી હોય છે. પ્રેમ વિનાની વિદ્યા પ્રભુ પદ અપાવે નહીં અને સંસારનાં સુખ ભોગવવામાં કામ લાગે નહીં.

૧૮૩ ધન, સત્તા અને કેફના મદથી બધા પાગલ થાય છે પણ પ્રેમના આસ્વાદથી પાગલ થનારા પીર થઈને પૂજાય છે. એટલે સાધકો પ્રેમનો જ પ્યાલે પીએ છે અને શરણે આવનારને પ્રેમનો ભરેલો પ્યાલો જ પાય છે.

૧૮૪ સુષુપ્ત શક્તિને ચરિતાર્થ કરવાનો એક જ મંત્ર છે કે ચૈતન્યના દિવ્ય નામનું સતત સ્મરણ કરતા રહો. હરિનામ સ્મરણથી સહેજે સહેજે હૈયામાં થીજેલી સામર્થી પીગળે છે અને વર્તનમાં તાકાત દેખાય છે.

૧૮૫ ભગવાનની શક્તિ અને ઐશ્વર્યનાં દર્શન કરવા માટે, એની પૂજા અને પ્રાર્થના જ અકસીર ઉપાય છે. જેણે ભગવાનની શરણાગતિ લીધી નથી એને પ્રભુ સામર્થીની કે પોતાની સામર્થીની જાણકારી મળતી જ નથી.

૧૮૬ ભવ રોગ હટાવા માટે ઉત્તમ સાધન ભગવદીય યોગ છે, એ યોગથી શરીરની શુદ્ધિ થાય છે અને આત્મામાં પ્રભુનાં દર્શન થાય છે કારણ કે યોગો હિ પરમૌષધમ્.

૧૮૭ દશે ઈન્દ્રિયોનું બળ જો મનની સંગાથે ભળી જાય તો જે મન કાર્ય કરવા ઈચ્છે એ કર્મ પુરા વેગથી કરી શકે છે. સર્વે પ્રવાહ એક પ્રવાહમાં સમ્મીલિત કરવા માટે ઈશ્વરીય ધ્યાન અને પ્રભુની ઉપાસના મહત્તમ સાધન છે.

૧૮૮ સદ્ગુરુનું ધ્યાન કરવું કે કોઈ પ્રિયતમ પદાર્થનું ધ્યાન કરવું, એ વૃત્તિને સ્થિર કરવા માટે જ છે પરંતુ વૃત્તિને સ્થિર કરવા માટે ભગવાનના દિવ્ય અને સૌંદર્ય સંપન્ન વિગ્રહનું ધ્યાન સર્વોત્તમ સાધન છે અને એ પરમ ભક્તિ છે.

૧૮૯ પ્રભુએ આ સૃષ્ટિનું સર્જન આત્માને પોતાની સાચી ઓળખ કરાવવા માટે કર્યું છે પણ જેણે સદ્ગ્રંથોનું વાંચન કર્યું નથી અને સાધકોની સન્નિધિ સેવી નથી, એને પોતાના આત્મવિકાસ માટે પ્રભુનું સર્જન ઓળખાતું નથી.

૧૯૦ જેને આંખો બંધ કરી, એક જગ્યાએ બેસી, પોતાને કે પ્રભુને જોવાની કોશિષ કરી નથી, એને પોતાના બળની કે પોતાના સામર્થ્યની કલ્પના આવતી નથી અને પ્રભુના બળની કલ્પના જ થતી નથી.

૧૯૧ પ્રકૃતિ પ્રભુના સામર્થ્યનું જ દર્શન કરાવે છે. આકાશમાં ટમટમતા તારલીયા પ્રભુની ચમત્કૃતિ જ બતાવે છે. સૂર્ય અને ચંદ્ર પ્રભુની તેજસ્વિતા અને શીતળતા

જ છતી કરે છે. પૃથ્વી અને હિમાલય પ્રભુની શક્તિ અને બળનું પ્રદર્શન છે પણ અધ્યાનીને કે અજ્ઞાનીને કાંઈ દેખાય નહીં.

૧૯૨ કોઈ વાત કે વર્તનનો પ્રતિકાર કરવો સરળ છે. કોઈ સિદ્ધાંતને વખોડવો સહેલો છે પણ તેના સાક્ષી બની કે તેમાં તરબોળ થઈ તેના સદ્‌ગુણોનું પ્રવર્તન કરવું અતિશય અઘરું છે.

૧૯૩ ધનવાન થયા પછી મંદિર બંધાવી શકાય છે. શાળાઓ કે વિદ્યાલયો કરાવી શકાય છે પણ ત્યાં આત્મીયતા આપવા માટે ખપી જવું પડે છે.

૧૯૪ કોઈના દિલને પથ્થર મારવો કે કોઈ ભવનને તોડી નાખવું એ વ્યક્તિની નબળાઈ છે અને તૂટેલા દિલને કે તૂટેલા ભવનને નવી ચેતના દેવી એ વ્યકતનું ઈશ્વરીય બળ છે. આ બળ કેવળ ઈશ્વરની અને સદ્‌ગુરુની ઉપાસનાથી જ મળે છે.

૧૯૫ હેત હૈયાની સુવાસ છે અને હેતમાં સ્વાર્થ ભળ્યો તો દૂધમાં ઝેરનું કામ થાય છે. સગામાં અને સંબંધીમાં સ્વાર્થ લાગ્યો તો આસક્તિની જ્યોતિ ઊલટા માર્ગે પ્રવાહિત થઈ. ઈશ્વર અને ઈશ્વરના સર્જનમાં સ્વાર્થ બંધાયો તો જ્યોતિની જ્યોત્સના સર્વત્ર પ્રકાશ પ્રસરાવે છે.

૧૯૬ શરીરમાં લાગેલ ઘાવને સમય થતાં રુઝ આવે છે પણ દિલમાં લાગેલ ઘાવને રુઝ આવતાં જિંદગીઓ વહી જાય છે.

૧૯૭ કોઈ પુરુષ કસોટીમાં કસાયા વિના મહાપુરુષ થયો નથી. હિમાલય જેવી આપત્તિઓને પાર કરી લક્ષ્ય સંપાદન કર્યું છે.

૧૯૮ સલાટ શીલાને કોતરીને રૂપ આણે છે અને અડગ મનના માનવીને પ્રકૃતિ પોતે કસણે કસી સમર્થ બનાવે છે.

૧૯૯ શૂરવીરને શ્રીહરિ સોંઘા થાય છે અને ડરપોક કે નમાલા નિયમિત મંદિરે જાય તો પણ માણિગર મોંઘા જ થાય છે.

૨૦૦ માણિગરની મોજ માણવા મરણીયા થવું પડે છે અને સામેપુર ડગલાં ભરવાં પડે છે. જે સામેપુર ચાલે એને જ સામે શ્રીહરિ અને શ્રીહરિનું સામર્થ્ય સાંપડે.

૨૦૧ શૂરવીરને માટે ત્રિયા કે તનસુખ કોઈ ગણતરીમાં ન હોય એની ગણતરીમાં તો વિજય ધ્વજ કેમ લહેરાય અને કેમ ધારેલું કાર્ય સફળ થાય એજ સદા ગણતરીમાં હોય છે.

૨૦૨ જેણે ઈશ્વરીય સંપદા મેળવવા કમર કસી, એણે તો મનમાં અડગ નિશ્ચય રાખ્યો ઘટે કે જીતીએ કે જીવથી જાઈએ પણ નાના મોટા વિષય વાસનાના પવન તુફાને કદી હલબલીએ જ નહીં.

૨૦૩ શ્રીહરિના સામાર્થ્યથી સદા તરવરતો રહે પણ કદી પીછે પગ ન ભરે અને વિપત્તિનાં વાદળો ફાટી પડે, તો પણ કદી મનથી કચવાય નહીં અને કકળે પણ નહીં.

૨૦૪ સદ્ગુરુ, શાસ્ત્ર અને ભગવાન પર જેને વિશ્વાસ હોય છે એને માટે કોઈ કાર્ય કઠિન હોતું નથી. કામ કરતાં કદાચ ઘાયલ થાય તો શૂરવીરની માફક મુખે મલકાતો ફરે પણ કરમાય તો કદી જ નહીં.

૨૦૫ જે યુવાન પરમાત્માના ધ્યાનમાં સંલગ્ન અને એની આજ્ઞામાં અડગ રહે, તો એની તુચ્છ વિષય વાસનાઓ રાખ થઈ જાય અને હૈયામાં શુદ્ધ જ્ઞાનદીપ પ્રગટી જાય છે.

૨૦૬ ભગવદ્વાર્તા કરવી, ભાગવદ્વાર્તા સાંભળવી એનાથી જે ઈશ્વરીય ચેતના જાગૃત થાય છે અને નિર્વિકલ્પ સમાધિ થાય છે એવી અઘોરવનમાં જઈ એકલા બેસી અઘોર સાધના કરવાથી કદી નહીં થાય. એમાં જિંદગીઓ ખપાવવી પડશે અને આમાં તાત્કાલિક સાર્થક લાભ થશે.

૨૦૭ સફળ નેતૃત્વ વહન કરવામાં ક્રોધ કદી કોઈને મદદગાર થયો નથી કારણ કે ક્રોધ તો હડકાયા કુતરાની લાળ જેવો છે. ક્રોધી માણસ હડકાયા કુતરાની માફક ડાચિયો નાખીને સફળતાના માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

૨૦૮ જે યુવાને ક્રોધનો જેટલી જગ્યાએ સહારો લીધો તેટલું તાત્કાલિક ફળ દેખાયું પણ આખરે એ દગાખોર નીકળ્યું છે.

૨૦૯ જે યુવાનો પરમાત્મા ભગવાન સ્વામિનારાયણના દાસ થઈને સફળતાનાં શિખરો સર કરવા જાય છે એને બળ, સામાર્થ્ય અને હિંમત ઈશ્વર સહેજે આપે છે. કેવળ પોતાની બહાદુરી બતાવા જાય છે એ રોળાઈ જાય છે.

૨૧૦ ચિત્તની નિર્મળતાને કારણે સર્વ પ્રકારની આકૃતિઓ પ્રત્યક્ષ દેખાય છે. આ ચિત્તમાં ઈશ્વરના મંત્રનું ચિંતવન થાય તો મંત્ર સાકાર થાય. પરમાત્માનાં સાકાર દર્શન થાય.

૨૧૧ લક્ષ્ય હાંસલ કરવામાં જેનો વેગ ગરુડ જેવો હોય અને ક્ષમામાં ખડગ જેવી જેના હૈયાની મજબૂતાઈ હોય એને કદી કોઈ લક્ષ્યે પહોંચવા રોકી શકે નહીં.

૨૧૨ ભગવાન સ્વામિનારાયણ, એમના બ્રહ્મનિષ્ઠ સંતો અને પૂજ્ય સદ્‌ગુરુનું જે અખંડ હેતથી સ્મરણ કરે છે, એમની અનુવૃત્તિમાં રહે છે અને એમની આજ્ઞામાં નિઃસંશય રહે છે તો તેના જીવનમાં અવશ્ય આ દિવ્ય સૂર્યના જીવનને પવિત્ર પ્રેરણા આપનાર મંત્રો અનોખો પ્રકાશ લાવનારા થાય છે.

॥ સમાપ્તમ્ ॥

શરણાગતપાપપર્વતં ગણયિત્વા ન તદીયસદ્‌ગુણં ।
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા ॥

## ॥ સમાપ્તોયમ્ જીવનમંત્રમ્ પ્રથમ પુષ્પમ્ ॥